Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# સ્ત્રીઓના માનવ અધિકારો

ડૉ.રમેશકુમાર રગનાથભાઈ પટેલ
એમ.એમ.ચૌધરી આર્ટ્સ કોલેજ,રાજેન્દ્રનગર
ઈતિહાસ વિભાગ
મો.૯૯૨૫૩૧૧૨૦૭

માનવ અધિકારોનો ખ્યાલ ઇતિહાસના જુદા જુદા તબક્કાઓ દ્વારા વિકાસ પામ્યો છે. પ્રાચીનકાળ થી 21 મી સદીના ઈતિહાસનું અવલોકન કરતાં કહી શકાય કે માનવ જાતિના ઉગમ થી અધિકારો વિષેની અનુભૂતિ પ્રત્યેક માનવીના મનમાં અભિભૂત થયેલી જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં ડગલે ને પગલે માનવ અધિકારોનું હનન થઈ રહ્યું છે ત્યારે ભારતમાં અને સમગ્ર વિશ્વમાં મહિલાઓના માનવ અધિકારો સંબંધિત ચિત્ર ઉપરાંત સામાજિક, આર્થિક, રાજકીય પરીસ્થિતિ સંતોસકારક નથી. મહિલાઓને મળતા માનવ અધિકારોથી સુપરિચિત થાય. ઉપરાંત તેમના માનવ અધિકારોના ભંગના બનાવો પ્રસંગે તેમણે કાયદાકીય ઉપાયો પ્રાપ્ત થાય તે થકી તેમના અધિકારો અને માન સચવાય તે માટે આ સમયમાં માનવ અધિકારો માનવતાવાદી અભિગમ, માનવીની પ્રગતિ અને સ્ત્રીઓ પ્રત્યેનો અભિગમ આ સંશોધન પેપર માં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

માનવ અધિકારોનો અર્થ – "માનવ હોવા માત્ર થી વ્યક્તિને મળતા જન્મદત્ત અધિકારોને માનવ અધિકાર કહેવાય છે." આ અધિકાર પાછળનો ગર્ભિત ખ્યાલ એ છે કે તમામ સ્ત્રીઓ પુરુષો અને બાળકોને આ અધિકારો છે. માનવ અધિકાર સંરક્ષણ ધારા (1993) ના બીજા પરિચ્છેદમાં માનવ અધિકારની વ્યાખ્યા આ મુજબ આપી છે –

" જે અધિકારો અંગે ભારતના બંધારણમાં ખાત્રી આપી છે અથવા આંતરરાષ્ટ્રીય સંધિઓમાં જેમનો સમાવેશ કરાવ્યો છે. અને ભારતની કોર્ટોમાં અમલ કરવી શકાય છે. તેવા માનવીના જીવન સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવ સંબંધી અધિકારો" [૧]

માનવ અધિકારોની વ્યાખ્યા 20 મી સદીની છે. પણ આપણાં દેશમાં તો પ્રાચીન કાળ થી આ અધિકારો પ્રાપ્ત થયેલા છે. વિશ્વમાં માનવ અધિકારો બીજા વિશ્વ યુદ્ધ બાદ વિશેષ રૂપે અભ્યાસ થયો છે. ભારતમાં સમય અનુસાર એટ્લે કે પ્રાચીન મધ્યકાલીન, અર્વાચીન તેમજ આધુનિક યુગમાં સામાજિક મનોવલણો પર આધારિત ધર્મ અનુસાર તેમની પરિસ્થિતિમાં ફેરફારો થયેલા છે.ભારતમા અલગ અલગ કાયદાઓ માટેની જોગવાઇઓ કરવામાં આવી છે .૨ વિશ્વમાં તમામ દેશોમાં સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ ભર્યું વર્તન તથા અસમાન વ્યવહાર કરવામાં આવે છે . ભારતમાં સ્ત્રીઓને “ નારી તું નારાયણી” જેવા ઉચ્ચતમ શબ્દોથી નવાજવામાં આવે છે. તો ક્યારેક તેમના માટે અભદ્ર ભાષાનો ઉપયોગ પણ થાય છે.ભારતીય સમાજમાં બાળકીના જન્મને અત્યારના વૈજ્ઞાનિક યુગમાં પણ અભિશાપ તરીકે ઓળખવામાં આવે છે .

વૈદિક યુગમાં સ્ત્રીઓ સ્વાતંત્ર્યતા ભોગવતી હતી ઘણા ક્ષેત્રોમાં પુરુષની સમોવડી હતી . વૈદિક યુગ પછી સમાજમાં સ્ત્રીઓનુ દરજ્જો ઘટવા માંડ્યો. સ્ત્રીઓના હક્ક અને વિશેષાધિકાર ઉપર જુદા જુદા નિયંત્રણો મૂકવાની શરૂઆત થઈ હતી. કુમળી વયના લગ્ન થતાં હતા .મધ્યકાળમાં સ્ત્રીઓની સ્થિતિ વધુ બગડી આથી તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓને અધિકારો વાસ્તવમાં મળવા જોઈએ તે મળતા નથી.ક્યારેક કાનૂન માત્ર કાગળીયા પર રહી જાય છે. ગુનેગારો ખુલ્લેઆમ ફરતા હોય છે. સ્ત્રીઓને હરવા-ફરવા પર કાપ મૂકવામાં આવ્યો સ્ત્રીને પડદાં પાછળ મૂકવામાં આવી અને પશુવત વ્યવહાર થતો હતો . સ્ત્રીઓને લગતા બધાજ દૂષણો જેવા કે સતીપ્રથા , બાળલગ્ન,દહેજ પ્રથા , બાળકીને દૂધપીતી કરવી વગેરે આ સમયમાં પ્રચલિત થયા આ સામે બ્રિટિશ યુગમાં સુધારો થવા લાગ્યો .૩ સુધારાના આંદોલનો થવા લાગ્યા. તે સમયમાં સ્ત્રીઓમાં એક પ્રકારની જાગૃતિ ફેલાવા માંડી તેમના માટેની કાયદાકીય જોગવાઇઓ પણ શરૂ થઈ.

19 મી સદીમાં બ્રિટિશ અમલથી સ્ત્રીઓને કાનૂની દરજ્જો મળ્યો છે ધીરે ધીરે અંગ્રેજ વહીવટકર્તાઓના અમલથી શરૂઆતમાં શાસ્ત્રોક રીતિરિવાજો અને સામાજિક નિયમોની પરંપરાઓ જાળવી રાખી હતી.પરંતુ જ્ઞાતિ , લગ્ન અને કુટુંબ ને લગતા કાયદાઓ કર્યા.અને દિવાની તેમજ ફોજદારી અદાલતોની સ્થાપના કરી.૪ ૧૯૪૭ માં ભારત આઝાદ થયો કાનૂની અસરોને આપણે જોઈએ તો ૧૮૫૦ નો જ્ઞાતિ અસમર્થતા નિવારણ કાનૂન-જ્ઞાતિ બહાર મૂકવામાં આવતી વ્યક્તિ પણ મિલકતનો વારસ મેળવવાનો અધિકાર ગુમાવતી નથી.સ્વાતંત્ર્ય ભારતના

બંધારણમાં સ્ત્રીઓની સમાનતા નો સ્વીકાર કરે છે.૧૯૫૬ નો હિન્દુ વારસધારો સ્ત્રીને મિલકતનો અધિકાર આપવી તેની આર્થિક સુરક્ષા વધારે છે.ક્રિમિનલ પ્રોસીજર કોડ મુજબ સ્ત્રીને ભરણ પોષણનો હક્ક પણ મળેલ છે. સ્ત્રીઓની છેડતી , બળાત્કાર ,અનૈતિક વ્યાપાર ,અટકાયત વગેરે માટે કાનૂન સ્ત્રીઓના પક્ષે છે.તેમ છતાં બંધારણીય કાયદો એ કોઈપણ દેશનો મૂળભૂત કાયદો કહેવાય છે. એટલે ભારતના બંધારણમાં સ્ત્રીઓના અધિકારો તા.૨૬/૦૧/૧૯૫૦ ના રોજથી અમલ થયો તેમાં કાયદાકીય જોગવાઈ કરીને સ્ત્રી પુરુષનો દરજ્જા અને તક સમાનતાલક્ષી છે.મૂળભૂત અધિકારો અને સ્ત્રીઓ બંધારણના ૩જા વિભાગમાં અનુચ્છેદ ૧૨ થી ૩૫ અન્વયે સ્ત્રીઓના અધિકારનું રક્ષણ કરવામાં આવ્યું જેમાં સામંતનો ખ્યાલ (absolute)નહીં . સાપેક્ષ(relative) છે. જડ (rigid) નહીં. પણ સ્થિતિસ્થાપક (Elastic) છે. ૫

સરખા સંજોગોમાં રહેલી વ્યક્તિઓ માટે તે એક સરખી રીતે લાગુ પડે છે . અનુચ્છેદ 14 માં સામંતનો સિદ્ધાંત સ્વીકારાયો છે. વળી અનુચ્છેદ 15 માં પણ જાતિના કારણે કે લિંગના કારણે ભેદભાવ ના રાખવા તેમજ સ્ત્રીઓ માટે વિશિષ્ટ કાયદાઓ ઘડવા જણાવ્યુ છે. આના પરિણામે કેટલાક કાયદાઓ સ્ત્રીની તરફેણમાં સ્ત્રીને લાભકર્તા ઘડાયા છે.આવા કાયદાની બંધારણીતા નો પ્રશ્ન ઉઠતાં ઠરાવ્યું હતું કે સ્ત્રીઓની અને બાળકોની વિશિષ્ટ પ્રકૃતિ અને સંજોગોને કારણે વધારાની સવલતો તેમજ રક્ષણની જરૂર રહે છે.વળી બંધારણમાં પણ જોગવાઈ હોવી જોઈએ આવા બંધારણીય કાયદા છે. ૬

યુનોના માનવ અધિકારો અંગેના વૈશ્વિક ઘોષણા પત્રમાં પણ સ્ત્રીઓના માનવ અધિકારો અંગે જણાવેલ છે.તેમાં સ્ત્રીઓને પણ સમાન ગણવા – સ્ત્રી સામે કોઈપણ પ્રકારના ભેદભાવ ન રાખવા તેમના રક્ષણ અંગે તેમજ લગ્ન વખતે બંને પક્ષકારોની મુક્ત અને પુર્ણા સંમતિ હોવા છતાં સ્ત્રીઓની ગુલામી વેઠતી નાબૂદી બાબત ,કામદાર સ્ત્રી , સમાન વેતન રક્ષણ બાબત જણાવેલ છે. દિવાની તેમજ રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં ઠરવાયું છે કે સગર્ભા સ્ત્રીને દેહાતદંડની સજા આપી શકાય  નહીં . લગ્ન વિચ્છેદ ના અધિકારો સ્ત્રી પુરુષ સમાન હોવા જોઈએ વળી સ્ત્રીને કોઈપણ જાતના ભેદભાવ વગર જાહેર પ્રવૃતિઓમાં ભાગ લેવાનો અધિકાર હોવો જોઈએ . આર્થિક સામાજિક તેમજ સાંસ્કૃતિક અધિકારો વિષે જણાવેલ છે.યુનોએ 1948 માં ઘોષિત કરેલ માનવ અધિકારો અંગેના વૈશ્વિક ઘોષણા પત્ર બાદ અનેક આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ થઈ તેઓના માનવ અધિકારો પ્રસાર કરેલ છે.

(1) Equal Remuneration convention (1951)

(2) The Convention on the political rights of women (1952)
(3) Convention on the suppression of the traffic in persons and of the Exploitation of the prostitution of others (1949)
(4) The Slavery convention .
(5) The Convention on Recovery Abroad of Maintenance (1956)
(6) The Convention on the Nationality of Married women (1957)
(7) Discrimination (Employment and Occupation) Convention (1958)
(8) Convention against Discrimination in education.(1960)
(9) The Convention on the consent to Marriage. (1962)

(10)Declaration on the Protection of women and children in Emergency Armed conflict.

(11) Convention on the rights of migrant workers and members of their Families.(1990)

(12) Convention on the Elimination of all farms of Discrimination against women.(1979) ૭

જૂન ૧૯૯૩ માં વિયેતનામાં માનવ અધિકારો અંગેની વિશ્વ પરિષદ યોજાઇ હતી.જેમાં સ્ત્રીઓના અધિકારો પણ માનવ અધિકારો છે એમ ઠરવાયું હતું . ડિસેમ્બર ૧૯૯૩ માં યુનાઈટેડ નેશન્સે Declaration On the Elimination of Violence against women ) સ્વીકાર્યું જેમાં હિંસા કોણે કહેવાય છે તે અને તે માટે સરકારે કયા પગલાં લીધા છે તે વિષે જોગવાઈ કરવામાં આવી છે.

તે અંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્ત્રી પુરુષ સમાનતાનો સિદ્ધાંત સ્વીકારાયેલ છે.ભારતમાં પણ સ્વીકારાયેલ છે.માનવ અધિકારોમાં સ્ત્રીને મળેલા અધિકારો ભારતમાં પણ પસાર થયો આમુખમાં અનુચ્છેદ ૧૪ થી ૫૧ માં મૂળભૂત ફરજો અને કાયદાઓ મળે છે.તેમ છતાં હાલના સંજોગોમાં પણ કામ કરતી સ્ત્રીઓને કામના સ્થળે જાતિય સતામણીનો ભોગ બનવું પડે છે.કુટુંબમાં પણ કેટલીક વાર સ્ત્રીને અળખામણિ રાખવામા આવે છે.શાળા કોલેજોમાં જતી વિધ્યાર્થિનીઓનું પણ શિક્ષક તેમજ સહપાઠી ધ્વારા વર્તન થતું હોય છે. આવું વર્તન ઇન્ડિયન પીનલ કોડ હેઠળ અથવા અન્ય કોઈ કાયદા હેઠળ સ્પષ્ટ ગુન્હો બનતો હોય છે ત્યારે નિયોજકે યોગ્ય સત્તાધિકારી સમક્ષ ફરિયાદ કરીને કાયદા મુજબના યોગ્ય પગલાં લેવા જોઈએ

આપણે આટલા બધા નિયમો , ઠરાવો,અધિકારો હોવા છતાં સમાજમાં સ્ત્રીઓનુ સ્થાન દિન-પ્રતિદિન જોખમાતું રહ્યું છે.તો તેની સામે મહિલા શસક્તિકરણ ના અવાજ આખા વિશ્વમા ફેલાયેલા છે.

આ બધા વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે આધુનિક ભારતમાં સમાજ સર્વોચ્ચ કક્ષાએ વિકસિત થયેલો છે.માનવ અધિકારએ માનવ જીવનનો અવિભાજ્ય અંગ છે એક વ્યવસ્થા , નિયમ કે પદ્ધતિ છે કે જેને કોમ કે સમુદાયનો કાનૂન મંજૂરી આપે છે.

પાદનોંધ

૧. ડૉ. રાજેન્દ્ર આર. શુક્લ , માનવ અધિકારો પુસ્તિકા -૨ પૃ.નં.૨

૨. ડૉ.સોનલ બી. મેવાડા , સ્ત્રીઓના અધિકારો પુસ્તિકા-૪ ૨૦૦૩ પૃ.૧

૩. એજન પૃ.૧

૪. ડૉ. ભાનુમતિ શાહ ,ડૉ. ફરિદા કંપનીવાળા, પ્રથમ આવૃતિ,૨૦૦૨ , પૃ.૧૦

૫. AIR 1954 SC 321 , AIR 1985 SC 1618

૬. ડૉ. સોનલ ડી. મેવાડા સ્ત્રીઓના અધિકારો , પુસ્તિકા -૪ ૨૦૦૩ પૃ.૫

૭. એજન પૃ.૭